# <u>પ્રેસનોટ</u>

- **કૃષિ ઈજનેરીના ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન આપવા બદલ ધી ઈન્સ્ટીટયુશન ઓફ એન્જીનીયર્સ (ઈન્ડિયા) દ્વારા ઉદયપુર ખાતે કુલપતિશ્રી ડો. એન.સી. પટેલનું સન્માન.**

ઈન્સ્ટીટયુશન ઓફ એન્જીનીયર્સ (ઈન્ડિયા) એ બધા જ પ્રકારના એન્જીનીયર્સ માટેની સમગ્ર દેશની એક સક્રિય સંસ્થા છે. વર્ષ ૧૯૨૦માં શરૂ થયેલી આ સંસ્થાને ૧૯૩૫માં ઈંગ્લેન્ડના રાજા જયોર્જ–૫ એ રોયલ ચાર્ટર તરીકે માન્ય કરેલ છે. આ સંસ્થાએ ઈજનેરીના વિકાસમાં અનેકવિધ પ્રવૃતિઓ કરી છે. તાજેતરમાં જ આ સંસ્થા અને કોલેજ ઓફ ટેકનોલોજી ઈન એન્જીનીયરીંગ તથા મહારાણા પ્રતાપ યુનિવર્સિટી ઓફ એગ્રીકલ્ચર એન્ડ ટેકનોલોજીના સંયુકત ઉપક્રમે ઉદયપુર ખાતે ૨૬મું નેશનલ કન્વેન્શન ઓફ એગ્રીકલ્ચરલ એન્જીનીયર્સ યોજાઈ ગયુ. જેનું ઉદ્‌ઘાટન મહારાણા પ્રતાપ યુનિવર્સિટી ઓફ એગ્રીકલ્ચર એન્ડ ટેકનોલોજીના કુલપતિશ્રી ડો. ઓમપ્રકાશ ગીલે કર્યુ. આ કાર્યક્રમના માનવંતા મહેમાન તરીકે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડો. એન.સી. પટેલ બિરાજેલા. આ પ્રસંગે બોલતા તેમણે જણાવ્યુ કે, બિયારણ, ખાતર, જંતુનાશક દવાઓ તેમજ પાણીના ચોકસાઈ પૂર્વકના વપરાશ ઉપર ભાર મુકવાની જરૂરીયાત છે. તેમણે કૃષિ મશીનરીમાં રોબોટીક ટેકનીકના ઉપયોગ બાબતે ધ્યાન દોર્યુ હતુ. આ કાર્યક્રમમાં **પ્રીસીસન એગ્રીકલ્ચર ફોર સસ્ટેનેબલ ફૂડ પ્રોડકશન** પરના આ કાર્યક્રમમાં કૃષિ ઈજનેરી ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનાર દેશના સાત ઉચ્ચ કક્ષાના ખ્યાતનામ ઈજનેરોનું સન્માન કરવામાં આવ્યુ હતુ. તેમાં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડો. એન.સી. પટેલને પણ સન્માનવામાં આવ્યા હતા.

યુનિવર્સિટી ઓફ ઉદયપુર ખાતેથી એન્જીનીયરીંગની સ્નાતક કક્ષાની પદવી ૧૯૭૮માં પ્રાપ્ત કર્યા પછી ડો. એન.સી. પટેલએ ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, ખડગપુર ખાતેથી ૧૯૮૦માં એમ.ટેક. અને ૧૯૯૩માં પીએચ.ડી.ની પદવી હાંસલ કરી. અભ્યાસમાં તેજસ્વી કારકીર્દી ધરાવનાર ડો. એન.સી. પટેલનું આજ સુધીમાં અનેક સંસ્થાઓ દ્વારા સન્માન કરવામાં આવ્યુ છે. આમ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના વિકાસની સાથે કૃષિ ઈજનેરીના ક્ષેત્રમાં ડો. એન.સી. પટેલએ કરેલી કામગીરીની રાષ્ટ્રીય કક્ષાએ નોંધ લેવાઈ છે. જે માટે કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકશ્રીઓ, પ્રાધ્યાપકશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા સર્વે સ્ટાફ અને વિદ્યાર્થીઓએ હર્ષની લાગણી અનુભવી અભિનંદન પાઠવ્યા હતા.


(એ. એમ. પારખીયા)<br>
વિસ્તરણ શિક્ષણ નિયામક<br>
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી<br>
જૂનાગઢ


પ્રતિ,<br>
શ્રી............................<br>
............................

ઉપરોકત વિગતને બહોળી પ્રસિધ્ધિ અર્થે આપના અખબારમાં સમાવવા વિનંતી છે.